**Notification**

***Re***

## THE TRANSLATOR (IN THE TRANSLATION UNIT OF LEGAL DEPARTMENT) RECRUITMENT (EXAMINATION) RULES, 1992.

ભાષાન્તરકાર (કાયદા વિભાગના ભાષાન્તર એકમમાં) ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૯૨ સંબંધી જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી મે, ૧૯૯૨.

...નું સંવિધાન.

...માંક. જીકે/૯૨/૧૭/આરઆરએન-૧૦૮૫/ટીઆરએન/ટી.—ભારતના સંવિધાનની ક્લમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને ...ર્વે કરેલા તમામ વિદ્યમાન નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કાયદા વિભાગના ભાષાન્તર એકમમાં ભાષાન્તરકારોની ...ઉપરની ભરતી કરવા માટેની પરીક્ષાની પધ્ધતિનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે :—

...ટૂંકી સંજ્ઞા :—આ નિયમો 'ભાષાંન્તરકાર (કાયદા વિભાગના ભાષાંન્તર એકમમાં) ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૯૨' કહેવાશે.

...વ્યાખ્યા.—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(૧) "કમિશન" એટલે ગુજરાત જાહેર સેવા આયોગ ;

(૨) "સરકાર" એટલે ગુજરાત સરકાર ;

(૩) "પરીક્ષા" એટલે નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી પરીક્ષા ;

(૪) "પરિશિષ્ટ" એટલે આ નિયમોને જોડેલ પરિશિષ્ટ.

૩. પરીક્ષા લેવા બાબત :—આયોગ કાયદા વિભાગના ભાષાન્તર એકમમાં ભાષાંન્તરકારની જગા ઉપર ભરતી કરવા માટેના ...દવારો પસંદ કરવા માટે સ્પર્ધાત્મક પરીક્ષા લેશે.

૪. ઉમેદવારે ખર્ચ ભોગવવા બાબત :—ઉમેદવારોએ પોતાના ખર્ચે પરીક્ષામાં બેસવું પડશે.

૫. પરીક્ષા માટેની ફી :—(૧) આયોગ વખતોવખત આદેશ કરે તેવી રીતે પોતાની અરજી સાથે ઉમેદવારે રૂા. વીસની અરજી ફી ...પવી પડશે.

(૨) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના ઉમેદવારને સરકારે તે અર્થે વખતોવખત ઠરાવેલા નિયમો અથવા કાઢેલા હુકમો ...નુસાર, યથાપ્રસંગ, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવશે.

૬. પરીક્ષાનો અભ્યાસક્રમ :—પરીક્ષામાં આ નિયમોને જોડેલા પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલા પ્રશ્નપત્રોનો સમાવેશ કરવામાં આવશે.

૭. પરીક્ષાનું માધ્યમ :—પરીક્ષાનું માધ્યમ પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલા પ્રશ્નપત્ર-૩ની બાબતમાં હોય તે સિવાય ગુજરાતી રહેશે.

૮. પરીક્ષા માટે લાયકાતનું ધોરણ.—પરીક્ષા માટેનું લાયકાતનું ધોરણ આયોગ વખતોવખત નક્કી કરે તેવું રહેશે.

૯. પરીક્ષાની તારીખ અને સ્થળ :—આયોગ નક્કી કરે તેવા સ્થળોએ લેખિત પરીક્ષા લેશે.

૧૦. આયોગના સચિવે ઉમેદવારોને પરીક્ષાની જાણ કરવા બાબત :—આયોગ ઉમેદવારોને પરીક્ષાના સ્થળ અને સમય વિષે જાણ કરશે.

૧૧. પરિણામ પ્રસિદ્ધ કરવા બાબત :—આયોગ પરીક્ષાનું પરિણામ જાહેર કરશે અને જગા માટે લાયક હોય તે ઉમેદવારોનાં નામ ...ે દરેક ઉમેદવારે મેળવેલ ગુણની કુલ સંખ્યાના ધોરણે ગુણવત્તાના ક્રમમાં ગોઠવીને ગુજરાત સરકારી રાજપત્રમાં તે પ્રસિધ્ધ કરશે.

૧૨. આયોગે સરકારને પસંદગી યાદી મોકલવા બાબત :—પસંદગી યાદીમાંના ઉમેદવારોના ક્રમ અનુસાર જ નિમણૂક આપવાની ...લામણ સાથેની પસંદગી યાદી સરકારને મોકલવી જોઈશે. તેમ છતાં, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને ...ક્ષણિક રીતે પછાત વર્ગની ટકાવારી જાળવવા માટે પસંદગી યાદીમાં જેનો ક્રમ નીચે હોય તેવા ઉમેદવારોને આ અર્થે નક્કી કરેલ ...નામત ક્વોટા પ્રમાણે જરૂરી હોય તેટલા પ્રમાણમાં નિમણૂક આપી શકાશે. તેમ કરતી વખતે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિ-...તિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોની નિમણૂક પસંદગી યાદીમાંના ક્રમ અનુસાર કરવી જોઈશે.

૧૩. લાયકાત ધરાવતા ઉમેદવારો માટે શારીરિક યોગ્યતા કસોટી :—નિમણૂંક માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ, મુંબઈ રાજ્ય નિયમો, ૧૯૫૯માં જણાવેલી જોગવાઈઓ અનુસાર શારીરિક યોગ્યતા કસોટી આપવી પડશે જેથી નિમણૂકને પાત્ર ગણી શકાય.

૧૪. પરીક્ષામાં સફળ થવાથી હક મળશે નહિ :—પરીક્ષામાં સફળ થવાથી નિમણૂંકનો કોઈ હક મળી જતો નથી. નિમણૂંક સત્તાધિકારી, જરૂરી ગણે તેવી તપાસ કર્યા પછી, પોતાને એવી ખાતરી થાય કે સરકારી નોકરી માટે ઉમેદવાર યોગ્ય જણાતા તો તેમને તે ઉમેદવારને પડતો મૂકવાની સત્તા રહેશે.

૧૫. ઉમેદવારે ફરજ પર હાજર થવા બાબત અને ફરજ પર હાજર ન થવાનું પરિણામ :—જેને સરકારે નિમણૂક આપી છે ઉમેદવાર, નિમણૂંકના હુકમમાં આદેશ કર્યા મુજબ પોતાની ફરજ પર જોડાય નહિ તો, તેની નિમણૂક રદ થવાને પાત્ર ગણાશે તેનું નામ પસંદગી યાદીમાંથી કાઢી નાંખવામાં આવશે.

પરિશિષ્ટ

(જુઓ નિયમ—૬)

પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

૧. લેખિત પરીક્ષા — વિષય

| | | |
|---|---|---|
| | સામાન્ય ગુજરાતી | |
| પ્રશ્નપત્ર—૧ | | |
| વધુમાં વધુ ગુણ-૧૦૦ | (૧) સંક્ષિપ્ત લેખન, | |
| સમય—૨ કલાક. | સારાંશ. | |
| | (૨) વ્યાકરણ. | |
| | (૩) સાચી જોડણી વાપરવી. | |
| | (૪) નિબંધ અથવા પત્રલેખન. | |
| પ્રશ્નપત્ર—૨ | અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર. | |
| વધુમાં વધુ ગુણ—૧૦૦<br>સમય—૨ કલાક. | (વૈધાનિક જોગવાઈઓ અને વૈધાનિક નિયમો, જાહેરનામા અને હુકમ આધારિત). | |
| પ્રશ્નપત્ર—૩ | સામાન્ય અંગ્રેજી | |
| વધુમાં વધુ ગુણ—૧૦૦ | (૧) ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાન્તર | ૫૦ ગુણ |
| સમય—૨ કલાક. | (૨) અંગ્રેજી વ્યાકરણ. | ૫૦ ગુણ |

નોંધ :—

(ક) વ્યાકરણ :—આમાં રૂઢિપ્રયોગ અને શબ્દપ્રયોગનો સાચો ઉપયોગ, ભૂલો અથવા જોડણી સુધારવી અને અંગ્રેજી વ્યાકરણના પાસા.

(ખ) 'સામાન્ય ગુજરાતી' અને 'સામાન્ય અંગ્રેજી' માટેનું ધોરણ, પદવી પરીક્ષાના ધોરણ જેટલું જ રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. એમ. અંસારી
સરકારના ઉપ-સચિવ

—